**<u>૬ઠા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટ, રાજકોટ</u>**
**<u>(શ્રી એ.એમ. ઓઝા સાહેબની કોર્ટ)</u>**

**ફોજદારી કેસ નંબર – ૬૧૦૨૦/૨૧**

**આંક :–૭**

**શ્રી સરકાર ....... ફરીયાદી**

**વિરૂઘ્ઘ**

**સલીમભાઈ ઉર્ફે કાતર આમદભાઈ જુણેજા ....... આરોપી**

**ચાર્જ :– <u>પ્રોહી. કલમ –૬૫ એ એ વિગેરે.</u>**

## <u>–:: ચુકાદો ::–</u>

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ – ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેનઢી ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક – ..... થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી, આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંઘી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂઘ્ઘનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. રાજકોટ શહેરના પો.કમી. સાહેબનું જાહેરનામું અમલમાં હોય તેમ છતાં આરોપીએ જાહેરનામા

૨...

નો ભંગ કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. આરોપી ગરીબવર્ગના વ્યકિત છે તથા મજુરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તથા તેઓનો આ પ્રથમ ગુન્હો છે. આમ, આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ધાંતોને ઘ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ઘ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા ટી.આર.સી.ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

૧. આ કામના આરોપીને **પ્રોહી. કલમ – ૬૫ (એ)(એ)** અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુના સબબ આરોપી સલીમભાઈ ઉર્ફે કાતર આમદભાઈ જુણેજાને રૂ. ૨૦૦/– અંકે રૂપીયા બસો પૂરાનો દંડ ફરમાવવાનો હુકમ કરું છું. તથા ટી.આર.સી.ની સજા કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન : ૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૬ માહે જૂન સને ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ ૨૬ / ૦૬ / ૨૦૨૨

**(એ.એમ.ઓઝા)**
**૬ઠા અધિક સીવીલ જજ,**
**અને જે.એમ.એફ.સી.,**
**રાજકોટ**